રાજબાળાઓની પત્રિકા.

ભોમાસુર નામના દૈત્યે સોળ હજાર રાજકન્યાઓને લાવી પરણવા માટે બંધીખાને રાખી હતી, અને એક વખતે તે બધી કન્યાઓ સાથે લગ્ન કરવાનો તેનો વિચાર હતો, પરતુ તેમના પ્રારબ્ધ યોગે શ્રીનારદજી ત્યાં પધાર્યા અને તે બધી રાજકન્યાઓએ ભગવાનને પ્રાર્થનાપત્રિકા લખી નારદજી સાથે મોકલી તે ભાવની આ કવિતા છે તે પણ પ્રભુ તેમની સાથે વર્યા ને તેમની આશા પૂર્ણ કરી.

રચનાર

શ્રીયુત પીતાંબર ગોવિંદરામ ભટ્ટ, સાણંદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

મણિલાલ મગનલાલ ત્રિવેદી.

પખાલીનીપોળ, ચારશેરી—અમદાવાદ.

અમદાવાદ.

રીચીરોડના પુલ નીચે નં. ૧૦૦-૧૦૨ના મકાનમાં શ્રી જૈન વિદ્યાવિજય પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ ચુનીલાલ અમથાશાએ છાપી.

સંવત ૧૯૭૧—સને ૧૯૧૫ શ્રાવણી ને મંગળવાર.

આવૃત્તિ ૧ લી—પ્રત ૨૦૦૦.

વિના મૂલ્યે.

પ્રસ્તાવના.

આ "રાજબાળાઓની પત્રિકા" એ નામની કવિતા શ્રીમદ્ ભાગવત દશમસ્કંધના ઉત્તરાર્ધમાં ઓગણસાઠમા અધ્યાયના

तत्रराजन्यकन्यानां षट्सहस्राधिकायुतम् ।
भौमाहृतानां विक्रम्य राजभ्योददशे हरिः ॥
तं प्रविष्ट स्त्रियो वीक्ष्य नरवीरं विमोहिताः ।
मनसा वव्रिरेऽभिष्टं पतिं दैवोपसादितम् ॥

૩૩ અને ૩૪ મા શ્લોકના ભાવ ઉપરથી લખાઇ છે પણ તે બ્રહ્મનાદ નામના માસિક ચોપાનિઆમા જે આનંદમંદિર નામનો વિષય આવ્યો તેમા પ્રથમ પ્રકટ કરવામાં આવી હતી. તે વખતે તે કવિતા વાચકને ઘણી પસંદ પડેલી તેથી તે કવિતા શ્રીવિષ્ણુ મંદિરમા દર્શનાર્થે જનાર પવિત્ર બાઇઓને મફત વહેંચવા ઇચ્છા થયેલી, પણ તેમ બન્યુ નહિ. પરંતુ તેમા રહેલી ઉચા પ્રકારની વાક્યરચના, પ્રભુપ્રેમ પ્રકટાવનારા હૃદયાનંદજનક વાક્યો વાચી કેટલાક સજ્જનોએ તે જુદી છપાવવા ઇસારો કરતા તેમા જે યોગ્ય લાગ્યો તે સુધારો વધારો કર્યો છે; અને તેથી કોઇ શ્રીસમેત રણછોડરાયના, ત્રિકમજીના, ચતુર્ભુજના, અગર ગમે તે વિષ્ણુમંદિરમાં તેનાં વાક્યોના અર્થમા હૃદયની વૃત્તિ રાખી જાણે પોતેજ પ્રાર્થના કરતાં હોય તેમ જે કોઇ ભક્તિનિષ્ઠ પ્રભુપરાયણ બાઇ ઉમંગથી ગાશે તો તેના હૃદયમા પ્રભુપ્રેમ છવાતાં તે પરમાત્માની કૃપાપાત્ર થશે, તથા શ્રી જગદીશ તેના સર્વ પ્રકારના મનવાંછિત સિદ્ધ કરશે, અને તે પરમોત્તમ ગતિની ભાગિની થશે. આ પ્રકટ કરવાનુ ને રચવાનું કામ નિષ્કામપણે શ્રીકૃષ્ણાર્પણ ખાતેજ થયુ છે.

તથાસ્તુ. તંત્રી બ્રહ્મનાદ. શ્રી રણછોડરાયજીકી જે.

રાજબાળાઓની પત્રિકા.

"સખી પડવે તે પૂરણ બ્રહ્મ, જે કોઇ જાણેરે" એ રાગ.

સ્વસ્તિ શ્રીશુભ દ્વારિકા ધામ, મ્હાશુભસ્થાનેરે;
પરમ પૂજ્ય નિરુપમ નામ, રટે શ્રુતિ ગાનેરે. ૧
મ્હારા મુકુટમણિ મુકુંદ, પ્રાણ અમારારે;
અમ અંતરના આનંદ, રહો કેમ ન્યારારે. ૨
જહાં વિરાજો પ્રિયતમ પ્રાણ, કુંજવિહારીરે;
વ્હાલા વિશ્વતણા પરિત્રાણ, ગોવર્ધનધારીરે. ૩
સર્વ શુભ ગુણના નિધાન, ગુણાતીત રે'તાંરે;
નિગમાગમ પ્રાકટ્યસ્થાન, નેતિ નેતિ કે'તાંરે. ૪
જેનાં પરમ પવિત્ર ચરિત્ર, જાણવા જેવાંરે;
નામસ્મરણથી થઇએ પવિત્ર, નથી જેવાં તેવાંરે. ૫
અમ સ્વામી સદા સુખકંદ, જીવન મારારે;
ભક્તવત્સલ શ્રીગોવિંદ, પ્રાણથી પ્યારારે. ૬
મારા નયનકનિનિકા§ નાથ, અંતરજામીરે;
થવા ઇચ્છિએ તમથી સનાથ, દુ:ખ વિરામીરે. ૭
સર્વ વિદ્યાકળાના સુજાણ, રહ્યું મન મોહીરે;
જેની શક્તિ સત્તાનું પ્રમાણ, કળે નહિ કોઇરે. ૮
નપંખાની[1] પ્રભુ ! તમે પાંખ, મ્હાબળ વાળીરે,
અંધ કેરી વળી હરિ ! આંખ, અતિ તેજ વાળીરે. ૯
નામ નાણું નિર્ધનનું નાથ, કદાપિ ન ખૂટેરે;
બળહિનનું બળ શ્રીનાથ, ન કોઈથી તૂટેરે. ૧૦
નિરાધારતણા આધાર, હૃદય દુ:ખહારીરે;

---

§ આખની કીકી. ૧ ઓથ વિનાનો.

જેનું સ્વરૂપ મન હરનાર, પરમ સુખકારીરે. ૧૧
સર્વ કર્મ ફળોના સુજાણ, રહ્યું મન મોહીરે;
જેની અકળ લીલાનું પ્રમાણ, કળે નહિ કોઇરે. ૧૨
સોળ સહસ્ર દાસી આજ, પ્રભુ તમ ચરણેરે;
કરે કરગરી કોટી પ્રણામ, હયો પ્રભુ શરણેરે. ૧૩
તાળી લાગી ત્રિકમ તમ સાથ, પૂર્વની પ્રીતેરે;
કેમ તુટે તે સ્વામીનાથ, પ્રેમની રીતેરે. ૧૪
લખવાની ન જાણીએ રીત, પ્રિયતમ તમનેરે;
નિત્ય શ્યામસેવામાં પ્રીત, આલો હરિ અમનેરે. ૧૫
કાલા ઘેલા લખાતાં બોલ, સમજી લેશોરે;
જાણી અંતર દુઃખ અતોલ, શરણસુખ દેશોરે. ૧૬
કહે આપની દાસીઓ આજ, હે બહુ નામીરે;
રાખો જતી અમારી લાજ, શ્રી કૃષ્ણ સ્વામીરે. ૧૭
પ્રેમપુષ્પની સુંદર શ્યામ, ભેઠ સ્વીકારીરે;
ઉર ચરણસેવાની હામ, આપો મુરારિરે. ૧૮
કંસકષ્ટ કીધું પ્રભુ દૂર, માત પીતાનુંરે;
મલ્લ મારી કીધા ચકચૂર, તેથી કેવાનુંરે. ૧૯
પૂરી વ્રજવનિતાની આશ, રાસ રમીનેરે;
યશ કીધા ત્રિલોકે પ્રકાશ, શત્રુ દમીનેરે. ૨૦
કાઢયું કુબજા કેરું બહુ કામ, સેવા સ્વીકારીરે;
અમ કોડ પુરોને અકામ, હવે અવિકારીરે. ૨૧
ભીમક તનયાની રાખી લાજ, હરિ ' જેવી રીતેરે;
રાખી પાંચાળીની મહારાજ, પુરી વસ્ત્ર પ્રીતેરે. ૨૨
નામ પ્રતાપે નિર્ગુણ નાથ, ગણિકા ઉદ્ધારીરે;
લેઇ બોર શવરીનાં હાથ, ભવોદધિ તારીરે. ૨૩

મારા સૌભાગ્યના શણગાર, જીવન કેરી મુડીરે;
નથી અજાણી હૈયાના હાર, રીત્યો તમ રુડીરે. ૨૪
ભૌમાસુરભયાનલ માંહી, અબળાઓ બળતીરે;
ક્યારે સંભાળશો આવી આંહી, જીવન મારા વળતીરે. ૨૫
આપ વિયોગમાં ક્ષણ એક, વિતે યુગ જેવીરે;
જળ વિના મરે મીન છેક, વિતે પળ તેવીરે. ૨૬
નીશાપતિનાં દર્શન જેમ, ચકોરીઓ તલસેરે;
પ્રાણપતિનાં દર્શન તેમ, દાસીઓ તલસેરે. ૨૭
અમે વર્યા ઉરે કૃષ્ણ કાંત, થઈ પ્રિય શરણેરે;
વ્હાલા કેમ રહ્યા હવે શાંત, ચિત્ત તમ ચરણેરે. ૨૮
થયાં હોય પોતાનાં જે નાથ, તેના ઝટ થઇએરે;
લેઈ શરણમાં અબળાસાથ, સુખ સદ્ય દઇએરે. ૨૯
પ્રભા ભાનુથી અલગી ન હોય, પ્રિયા પ્રિયતમથીરે;
વનમાલીથી વિખૂટી ન હોય, વનિતા મનથીરે. ૩૦
તજી સાગર સરિતા ક્યાં જાય, કૃપાનાથ કે'શોરે;
કેમ કાયાથી છાંય છોડાય, હરિ ઉર લેશોરે. ૩૧
જડ દેહ અહીં ભગવાન, ચિત્ત હરિ ચરણેરે;
થાઓ નાથ હવે કૃપાવાન, છીએ તમ શરણેરે. ૩૨
નિરાધાર તણા આધાર, વિલંબ ન કરિએરે;
સદ્ય સ્હાય કરો આવાર, દયા ઉર ધરીએરે. ૩૩
દુઃખ ભોગવ્યું વ્હાલા અમાપ, કેટલું કહીએરે;
જાણો અંતર્યામી સૌ આપ, શરીરથી સહીએરે. ૩૪
પ્રતિ શ્વાસે પ્રભુનું નામ, રસના રટતીરે;
અમ અંતરના વિશ્રામ, વેળા હવે વટતીરે. ૩૫
ત્રાહિ ત્રાહિ ઉચરીએ નાથ, દયાવાન દોડોરે;

ઝટ આ અબળાઓનો સાથ, બંધથી છોડોરે. ૩૬
હવે આંહી રહ્યું કેમ જાય, દુ:ખને દરિએરે;
દૈત્યદુ:ખથી મન મુંઝાય, આંસુ આંખ ભરીએરે. ૩૭
નથી આ અવનિમાં કોઈ, ઠરવા ઠેકાણું રે;
દિન રાત વિતે વ્હાલા રોઈ, દુ:બે વાય વહાણું રે. ૩૮
લીધું અનશનવ્રત મેં આજ, હરિવર વરવારે;
ક્યારે મળશો હવે મહારાજ, આ દુ:ખ હરવારે. ૩૯
સિંહ કેરો આ સુંદર ભાગ, [1]શુનકથી પીડાતોરે;
જાય નાથજી તેનો લાગ, જીવ મુંઝાતોરે. ૪૦
નહિ પધારશો દીનત્રાણ, દાસિ દુ:ખ હરવારે;
જાશે સદ્ય અમારા પ્રાણ, નથી તેની પરવારે. ૪૧
દયાનિધિ લાવી દયા ઉર, અબળા ઉગારોરે;
દીન કીંકરીઓ કૃપાનાથ, સદ્ય સ્વિકારોરે. ૪૨
કરો યશવંતા યશ પ્રખ્યાત, જગ સઉ જાણેરે;
નાથ આપ બધે વિખ્યાત, ત્રિલોક પ્રમાણેરે. ૪૩
અન્ય વસ્તુ તણી અમે આશ, કદિ નહિ કરશું રે;
પરાક્રમ કરો પ્રભુ પ્રકાશ, ચરણ સેવી ઠરશું રે. ૪૪
થોડે ઘણું માની જગદીશ, વેગે વે'લા વળજોરે;
ભક્તવત્સલ મારા મહેશ, પ્રતિજ્ઞાએ પળજોરે. ૪૫
પ્રેમે સૌ દાસીઓના પ્રણામ, મોહન માની લેશોરે;
હૈયે આપ ભરુંસાની હામ, સેવા સદ્ય દેશોરે. ૪૬

॥ શ્રી દ્વારિકાધિશાય નમઃ ॥

---

૧ કૂતરાથી.

નીચેના ગૃહસ્થોએ શક્તિઅનુસાર આ પુસ્તકની પ્રતો કઢા-વીને જનસમૂહમાં મફત વહેચી પુણ્યનો ભાગ લીધો છે તે માટે તે સજ્જનોને ધન્યવાદ આપવામા આવે છે. આ પુસ્તકની ૧,૦૦૦૦૦ એક લાખ પ્રતો શ્રીકૃષ્ણાર્પણ ધર્માદાખાતે શ્રીડાકોરમાં માણેકઠારી પૂનમપર વહેંચાવવા સારું તથા મુમ્બઇમા વહેચાવવા સારું કઢાવ-વાની અમારી ઇચ્છા છે તો પુણ્યાત્માઓએ આ પુસ્તકની બીજી આવૃત્તિ કઢાવવા માટે શક્તિ અને ઇચ્છાનુસાર પ્રતો છપાવવા સં-બંધી અમને પત્રથી ખબર આપવા કૃપા કરવી

૨૫૦ પ્રતો રા૦ રા૦ નાનાલાલ ભાઉશંકર અમદાવાદ.
૨૫૦ પ્રતો રા૦ રા૦ ચુનીલાલ વ્રજભુખણદાસ મહેતા અમદાવાદ.
૧૨૫ પ્રતો શા છોટાલાલ અમૃતલાલ દેસાઇની પોળ નડીઆદ.
૨૫૦ પ્રતો રા૦ શેઠ નરીમાન અસ્પદીયાળજી વાડીયા અમદાવાદ.
૧૨૫ પ્રતો રા૦ પરિખ મણિલાલ લલ્લુભાઇ દેસાઇપોળ નડીઆદ
૨૫૦ પ્રતો રા૦ રા૦ પીતાંબર ગોવિંદરામ ભટ્ટ સાણંદ.
૨૫૦ પ્રતો રા૦ રા૦ માધવજી સગલજી બ્રહ્મભટ્ટ રૂપાલ.
૨૫૦ પ્રતો રા૦ રા૦ જીવણલાલ મનસુખરામ નડીઆદ.
૨૫૦ પ્રતો મણિલાલ મગનલાલ ત્રિવેદી અમદાવાદ.

ઋષિવિદ્યાના સાત્વિકબળથી મટાડવામાં આવતા રોગો.

સ્ત્રીઓના તમામ. રોગો, જેવાકે હીસ્ટીરીઆ, પ્રદરરોગ, અમુક કારણોને લઇને તાજો આવેલો અંધાપો વિગેરે રોગો ઋ-ષિવિદ્યાના સાત્વિકબળથી મટાડવામા આવે છે. તથા તાવ, દમ, ઉધરસ, શરૂઆતનો ક્ષય, વિગેરે રોગો પણ દૂર કરવામાં આવે છે.

મણિલાલ મગનલાલ ત્રિવેદી.

રાયપુર, પખાલીનીપોળ, ચારશેરી—અમદાવાદ.

૧૭૨૫